સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

સપ્ટેમ્બર - ૨૦૨૬

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના 19 વર્ષ પૂર્ણ અને 20 માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે સાપ્તાહિક કાર્યક્રમની ઉજવણી...

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના ૧૯ વર્ષ પૂર્ણ થતાં અને ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે સાપ્તાહિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના સર્વાંગી વિકાસ, શિક્ષણ, સંસ્કૃતિ અને સેવાના વિવિધ કાર્યક્રમો સાથે આ સપ્તાહ એકતાનું, સેવાભાવનું અને સંકલ્પનું પર્વ બની રહે તે માટે આ સપ્તાહ દરમિયાન વિવિધ સેવાકિય, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.



સ્થળ

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust

● સાપ્તાહિક કાર્યક્રમનો પહેલો દિવસ.

▶ સંગિત સંધ્યા કાર્યક્રમ.

તારીખ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશનના સંસ્થાના ૧૯ વર્ષના સેવાકીય કાર્ય અને વિવિધ પ્રવૃત્તિઓની યાદગાર ક્ષણોને પણ યાદ કરવામાં આવી હતી. સંસ્થાના બાળકો, શિક્ષકો, કાર્યકરો, શુભેચ્છકો, વિસ્તારના લોકો, ઉપસ્થિત મહેમાનો તથા સંગીતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સ્નેહા ફાઉન્ડેશનની ૧૯ વર્ષની સેવાયાત્રા અને શિક્ષણ, બાળવિકાસ તથા સમાજસેવાના ક્ષેત્રે કરવામાં આવી રહેલા કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા. સ્નસથાના ૨૦માં વર્ષમાં પણ વધુ વ્યાપક સેવાકાર્યો કરવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ભાવનગરમાં સમાજસેવા ક્ષેત્રે કાર્યરત શ્રી ડૉ. ગણેશભાઈ બારૈયા, શ્રી અમિતભાઈ પરમાર, શ્રી જયેશભાઈ મકવાણા તથા શ્રી આરતીબેન સોનીનું મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સંગીત સંધ્યામાં સંસ્થાના કાર્યકર અને જાણીતા ગાયક કલાકાર શ્રી હિરેનભાઈ પરમાર તથા તેમના સાથી કલાકારો દ્વારા સુંદર ગાયકીથી ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સંસ્થાના સંચાલકશ્રી ગુરપ્રીતસિંગ ગીલ દ્વારા દરેક મહેમાનશ્રીઓ, દાતાશ્રીઓ તથા ગાયક કલાકાર અને તેમની ટીમ અને ઉપસ્થિત દરેક લોકોનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો હતો.





● સાપ્તાહિક કાર્યક્રમનો બીજો દિવસ.

▶ ગણેશ ચતુર્થી કાર્યક્રમ.

તારીખ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશનના સંસ્થાના ૨૦મા વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે સંસ્થાના પટાંગણમાં ગણપતિ બાપ્પાના પાવન આગમાન સાથે ગણેશ ચતુર્થીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગણપતિ બાપ્પાની મૂર્તિનું ભવ્ય સ્વાગત કરી પૂજા-અર્ચના કરવામાં આવી હતી.

આ સાથે સંસ્થામાં સત્યનારાયણ ભગવાનની કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના બાળકો, શિક્ષકો તથા પરિવારજનોની ઉપસ્થિતિમાં સમગ્ર વાતાવરણ ભક્તિમય અને આનંદમય બની ગયું હતું.

ગણપતિ બાપ્પાના આશીર્વાદથી સંસ્થાના ૨૦મા વર્ષમાં સેવા, સંસ્કાર અને શિક્ષણના કાર્યોને નવી ઉર્જા સાથે આગળ વધારવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ સૌ માટે શ્રદ્ધા, આનંદ અને એકતાનો સુંદર અવસર બની રહ્યો હતો.

આ પ્રસંગે બાળકોએ ગણપતિ બાપ્પાની આરતી તથા ભજનમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોએ પરંપરાગત વેશભૂષા સાથે ભક્તિભાવપૂર્વક ગણેશજીની પૂજા-અર્ચના કરી હતી. આ સાથે બાળકોએ એકતા અને સંસ્કારનો સુંદર સંદેશ પણ આપ્યો હતો.





● સાપ્તાહિક કાર્યક્રમનો ત્રીજો દિવસ.

▶ ગણિત-વિજ્ઞાન બાળકો માટેનો વર્કશોપ

સ્નેહા ફાઉન્ડેશન દ્વારા સંસ્થાના ૧૯ વર્ષ પૂર્ણ કરી ૨૦માં મંગલ પ્રવેશ નિમિત્તે આયોજિત સાપ્તાહિક કાર્યક્રમ એન. પી. મહેતા પ્રાથમિક શાળા અંતર્ગત તારીખ **૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫, મંગળવાર**ના રોજ બાળકો માટે ગણિત-વિજ્ઞાન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકોએ ઉત્સાહપ્રર્વક ભાગ લીધો અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ગણિત તથા વિજ્ઞાનના ખ્યાલોને સમજવાનો આનંદ મેળવ્યો. આવી પ્રવૃત્તિઓથી બાળકોમાં તાર્કિક વિચારશકિત, જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસે તેવો હેતુ રહ્યો. આ સાથે બાળકોએ વિવિધ પ્રયોગો અને ગણિતીય પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની આવડત અને સર્જનાત્મતાનું પ્રદર્શન કર્યું હતું. પ્રયોગો દ્વારા બાળકોએ જાતે શીખવાનો આનંદ માણ્યો અને નવી નવી બાબતો જાણવાની જિજ્ઞાસા વિકસાવી હતી.

સમગ્ર કાર્યક્રમ બાળકો માટે જ્ઞાન સાથે આનંદ અને અનુભવનું સુંદર અયોજન બની રહ્યો. સેવા, સહયોગ અને સંકલ્પના નવા અધ્યયા તરફ આગળ વધતા સ્નેહા ફાઉન્ડેશન દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે આવા શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.





● સાપ્તાહિક કાર્યક્રમનો ચોથો દિવસ.

▶ મેડિકલ કેમ્પનું આયોજન

સ્નેહા ફાઉન્ડેશન દ્વારા સંસ્થાના ૧૯ વર્ષ પૂર્ણ કરી ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશના આનંદમય અવસરને યાદગાર બનાવવા તેમજ જરૂરિયાતમંદ લોકો સુધી આરોગ્યલક્ષી સેવાઓ પહોંચાડવાના હેતુથી તારીખ **૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬**, **બુધવાર**ના રોજ હોમિયોપેથી અને આયુર્વેદિક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનું આયોજન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામકશ્રી આયુષની કચેરી, ગાંધીનગર તથા સ્નેહા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન નિષ્ણાત તબીબો દ્વારા ઉપસ્થિત દર્દીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી તેમજ તેમની આરોગ્ય સંબંધિત સમસ્યાઓ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં કુલ ૧૧૭ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. તપાસ બાદ દર્દીઓની જરૂરીયાત મુજબ જરૂરી દવાઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ સાથે સાથે આયુર્વેદિક અને હોમિયોપેથી પદ્ધતિ દ્વારા સ્વાસ્થય જાળવણી, યોગ્ય જીવનશૈલી અને આરોગ્ય અંગે જરૂરી સલાહ-માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ તબીબો, આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, સેવાભાવી કાર્યકરો તથા સ્નેહા ફાઉન્ડેશન પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવે છે.





● સાપ્તાહિક કાર્યક્રમનો પાંચમો દિવસ.

▶ ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે વાર્ષિક ઉજવણી

સ્નેહા ફાઉન્ડેશન દ્વારા સંસ્થાના ૧૯ વર્ષ પૂર્ણ થતાં અને ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે તારીખ **૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫**, **ગુરૂવાર**ના રોજ સંસ્થામાં ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના બાળકો અને સ્ટાફ દ્વારા કેક કાપીને ખુશી સાથે ઉજવણી કરવામાં આવી હતી.

બાળકોમાં આ પ્રસંગને લઈને ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો. સંસ્થાની અત્યાર સુધીની સફરને યાદ કરીને સૌએ એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી અને સંસ્થાના ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યકત કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના આગામી વર્ષોમાં પણ બાળકોના શિક્ષણ અને વિકાસ માટે વધુ સારૂં સૌના સહયોગ અને શુભેચ્છાઓથી સ્નેહા ફાઉન્ડેશન ૨૦માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે, તે સંસ્થા માટે ગૌરવ અને આનંદની ક્ષણ બની હતી.

સંસ્થાએ વર્ષોથી બાળકોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે કરેલા પ્રયત્નોને યાદ કરવામાં આવી હતી.





● સાપ્તાહિક કાર્યક્રમનો છઠ્ઠો દિવસ.

▶ આયુષ્માન કાર્ડ કેમ્પ કાર્યક્રમ

સ્નેહા ફાઉન્ડેશન દ્વારા સંસ્થાના ૧૯ વર્ષ પૂર્ણ કરી ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આયોજિત સાપ્તાહિક કાર્યક્રમ અંતર્ગત સંસ્થાના પટાંગણમાં તારીખ **૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬**, **શુક્રવાર**ના રોજ **આયુષ્માન કાર્ડ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ પરિવારોને સરકારી આરોગ્ય યોજનાની માહિતી પહોંચાડવાનો અને તેઓને આરોગ્યલક્ષી સુવિધાઓ મેળવવામાં મદદરૂપ થવાનો હતો.

આ કેમ્પ દરમિયાન ૪૫થી વધુ લાભાર્થીઓને સંસ્થા દ્વારા આયુષ્માન કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. જરૂરીયાતમંદ લોકો માટે આ સેવા ખૂબ જ ઉપયોગી સાબિત થઈ હતી. આયુષ્માન કાર્ડ મળવાથી લાભાર્થીઓને ભવિષ્યમાં યોજનાના અંતર્ગત મળતી આરોગ્ય સેવાઓનો લાભ લેવામાં સરળતા રહેશે.

કેમ્પ દરમિયાન લાભાર્થીઓ સાથે સંસ્થાના કાર્યકરો દ્વારા જરૂરી માહિતી મેળવવા, દસ્તાવેજોની ચકાસણી કરવામાં તેમજ કાર્ડ બનાવવાની પ્રક્રિયામાં સહયોગ આપવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન લાભાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સંસ્થાની ટીમ દ્વારા જરૂરી માર્ગદર્શન અને મદદ કરવામાં આવી હતી.

આ સેવાકીય પ્રવૃત્તિને સફળ બનાવવા માટે સહયોગ આપનાર શ્રી જયેશભાઈ બારૈયા અને સંજયભાઈ ડાભી તેમજ તમામ કાર્યકરો, સેવાભાવી મિત્રો અને ઉપસ્થિત લાભાર્થીઓનો સ્નેહા ફાઉન્ડેશન પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે.





● સાપ્તાહિક કાર્યક્રમનો સાતમો દિવસ.

▶ ફૂડ ફેસ્ટિવલનું આયોજન

તારીખ ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવારના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોમાં રહેલી સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ, ટીમવર્ક અને વ્યવહારિક કૌશલ્યોને પ્રોત્સાહન આપવાનો હતો.

ફૂડ ફેસ્ટિવલમાં બાળકોએ પોતાના હાથે વિવિધ પ્રકારની વાનગીઓ તૈયાર કરી અને અલગ-અલગ સ્ટોલનું આયોજન કર્યું હતું. જેમાં બાળકોએ પાણીપુરી, પાવભાજી, દિલ્હી ચાટ, દાબેલી, સેન્ડવિચ જેવી વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. બાળકોને વાનગી બનાવવાથી લઈને સ્ટોલનું આયોજન, ગ્રાહકો સાથે વ્યવહાર, વેચાણ અને આવક-ખર્ચની સમજ જેવી વિવિધ બાબતોનો પ્રત્યક્ષ અનુભવ મળ્યો હતો.

બાળકોની ટીમે ખૂબ જ સારી રીતે આયોજન કરી વધુ નફો મેળવ્યો હતો તેને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. સાથે સાથે ફૂડ ફેસ્ટિવલમાં ભાગ લેનાર તમામ બાળકોને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.







લર્નિંગ સેન્ટર

સ્નેહા ફાઉન્ડેશન લર્નિંગ સેન્ટર ખાતે આ માસ દરમિયાન ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે અભ્યાસને વધુ સરળ અને રસપ્રદ બનાવવા માટે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. બાળકોને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ગણિત વિષયનું નિયમિત શિક્ષણ આપવામાં આવ્યું હતું. તેમજ અગાઉ કરાવેલા અભ્યાસનું પુનરાવર્તન કરાવવામાં આવ્યું હતું.

આ સાથે બાળોની આગામી પરીક્ષાની તૈયારી પણ કરાવવામાં આવી હતી. વિવિધ વિષયોના મહત્વના પ્રશ્નોનું પુનરાવર્તન કરાવવામાં આવ્યું, લેખિત પ્રેક્ટિસ કરાવવામાં આવી અને બાળકોને પ્રશ્નોના જવાબ કેજી રીતે લખવા તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોની સમજ ચકાસવા માટે પ્રશ્નોત્તરી અને નાની કસોટીઓ પણ લેવામાં આવી હતી.

આ ઉપરાંત બાળકોને વાંચન, ચિત્રકામ, રંગકામ અને સામાન્ય જ્ઞાન જેવી પ્રવૃત્તિઓમાં પણ જોડવામાં આવ્યા હતા. સમગ્ર માસ દરમિયાન બાળકોને નિયમિત અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

આ માસ દરમિયાન એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક તથા વ્યકિતગત વિકાસને ધ્યાનમાં રાખીને નિયમિત અભ્યાસક્રમની સાથે આગામી પરીક્ષાની તૈયારીઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને તમામ વિષયોના મહત્ત્વના પાઠોનું પુનરાવર્તન કરાવવામાં આવ્યું તેમજ પ્રશ્નોતરી, લેખિત અભ્યાસ અને પ્રેક્ટિસ દ્વારા પરીક્ષાલક્ષી તૈયારી કરાવવામાં આવી. બાળકોને જે વિષયોમાં મુશ્કેલી અનુભવાતી હતી તેમાં વ્યક્તિગત માર્ગદર્શન આપી તેમની સમજ વધુ મજબુત બનાવવામાં આવી.

આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા, ટીમવર્ક અને અભ્યાસ પ્રત્યે રસ વધે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવ્યો.

આમ, આ માસ દરમિયાન પરીક્ષાની તૈયારી સાથે બાળકોના સર્વાંગી વિકાસને મહત્ત્વ આપી શૈક્ષણિક અને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવમાં આવ્યું.



સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

• શિક્ષક દિવસની ઉજવણી

તારીખ **૫ સપ્ટેમ્બર ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં શિક્ષક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ શિક્ષકની ભુમિકા ભજવીને વર્ગખંડમાં વિવિધ વિષયો પર લેકચર લઈ શિક્ષણકાર્યનો અનુભવ મેળવ્યો હતો.

બાળકોએ શિક્ષક બનને પોતાના સહપાઠીઓને વિષય સમજાવ્યો તેમજ વર્ગનું સંચાલન, શિસ્ત જાળવવી અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધવા જેવી જવાબદારીઓ નિભાવી હતી. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા, જવાબદારીની ભાવના અને જાહેરમાં બોલવાની કળાનો વિકાસ થયો હતો.

શિક્ષકની ભૂમિકા ભજવતા વિદ્યાર્થીઓમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષકના કાર્ય અને જવાદારીને નજીકથી સમજવાની તર મળી હતી. અંતે સંસ્થાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને શિક્ષકના મહત્ત્વ તથા સમાજ ઘડતરમાં શિક્ષકની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.







તરુણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત **તરુણાવસ્થા** પ્રોજેકટ અંતર્ગત **ડૉ. હાર્દિકભાઈ ખત્રી** દ્વારા કુલ **૧૪૫** દિકરીઓને **સેનેટરી પેડ્સ**નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.



બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું પણ વિતરણ કરવામાં આવે છે.

- વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

ક્રમ	પ્રસંગનું નામ	બાળકોની સંખ્યા			દાત્તાશ્રી નું નામ
		M	F	T	
૧.	સ્વ. જયંતભાઈ આચાર્યના સ્મરણાર્થે સંસ્થાના બાળકોને પ્રેમભોજન સ્વરૂપે ઈડલી-ચટણી પીરસવામાં આવી હતી.	૬૩	૭૬	૧૩૯	શ્રી રિતેષભાઈ આચાર્ય
૨.	સ્વ. શાંતિલાલ દેસાઈની પૂણ્યતિથિ નિમિત્તે સંસ્થાના બાળકોને પ્રેમભોજન સ્વરૂપે પાઉભાજી પીરસવામાં આવી હતી.	૩૩૬	૨૯૨	૬૨૮	શ્રી હિમાંશુભાઈ દેસાઈ
૩.	સ્વ. ગુલાબબેન શાહ પાનવાળાની પૂણ્યતિથિ નિમિત્તે સંસ્થાના બાળકોને મોસંબી અને સફરજનનું વિતરણ કરવામાં આવ્યું હતું.	૩૧૬	૨૯૮	૬૧૪	શ્રી વિજયભાઈ પાનવાળા

૪.	સપ્ટેમ્બર માસના દર ગુરૂવાર દરમિયાન સંસ્થાના બાળકોને શ્રી પરમપૂજય આચાર્ય વિજય શ્રી રાજહંસુરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ગુરૂભકત પરિવાર તરફથી પ્રેમભોજન પીરસવામાં આવ્યું હતું.	--	--	--	શ્રી પરમપૂજય આચાર્ય વિજય શ્રી રાજહંસુરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ગુરૂભકત પરિવાર તરફથી

વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનામાં બાળકોને સ્ટેશનરી અને જરૂરી સામગ્રીના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

ક્રમ	પ્રસંગનું નામ	બાળકોની સંખ્યા			દાત્તાશ્રી નું નામ
		M	F	T	
૧.	શ્રી ભાર્ગવભાઈ મકોડિયાના જન્મદિવસ નિમિત્તે સંસ્થામાં સહપ્રેમ ખુરશીઓ આપવામાં આવી હતી.	--	--	--	ડૉ. અમીષાબેન પાઠક

સપ્ટેમ્બર માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

ક્રમ	મુલાકાતીઓનું નામ
૧.	શ્રી રિતેષભાઈ આચાર્ય શ્રી મલયભાઈ આચાર્ય
૨.	શ્રી હિમાંશુભાઈ દેસાઈ શ્રી દ્રષ્ટિબેન દેસાઈ
૩.	શ્રી નૈનાબેન શાહ શ્રી વર્ષાબેન પાનવાળા
૪.	શ્રી સિમોનભાઈ બેનેટ

ઓકટોબર-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો

તારીખ	આયોજનની વિગત
૦૨ ઓકટોબર ૨૦૨૬	ગાંધી જયંતિની ઉજવણી.
૦૨ ઓકટોબર ૨૦૨૬	લાલ બહાદુર શાસ્ત્રી જયંતિ ઉજવણી.
૧૦ ઓકટોબર ૨૦૨૬	સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ.
૧૧ ઓકટોબર ૨૦૨૬	નવરાત્રી પર્વની ઉજવણી.
૧૯ ઓકટોબર ૨૦૨૬	દશેરા પર્વની ઉજવણી.
૨૪ ઓકટોબર ૨૦૨૬	શરદ પૂર્ણિમા પર્વની ઉજવણી.

ઓકટોબર-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો	
તારીખ	**આયોજનની વિગત**
૨૬ ઓકટોબર ૨૦૨૬	સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ.
૩૦ ઓકટોબર ૨૦૨૬	સરદાર પટેલ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી.

એક યાદગાર મુલાકાત

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા ખાતે પ્રીયા બ્લુ, સ્પેનના વૈશ્વિક સ્થિરતા સલાહકાર શ્રી સિમોન બ્રેનેટએ મુલાકાત લીધેલ હતી. સંસ્થાના સ્થાપક અને સ્ટાફ દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન સિમોનસરએ સ્નેહા ફાઉન્ડેશનની શૈક્ષણિક તથા સામાજિક પ્રવૃત્તિઓ, તેમજ એન. પી. મહેતા પ્રાથમિક શાળાના શૈક્ષણિક વિકાસ અને પદ્ધતિમાં વિશેષ રસ દાખવ્યો હતો. તેમણે બાળકો સાથે સંવાદ કરી તેમના અભ્યાસનું વાતાવરણ નિહાળ્યું અને બાળકોને નિયમિત અભ્યાસ, મહેનત તથા શિક્ષણ દ્વારા ઉજ્જવળ ભવિષ્ય ઘડવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

આ પ્રસંગે સંસ્થાના સ્થાપકશ્રી દ્વારા સંસ્થાની અત્યાર સુધીની સફર, વિવિધ સિદ્ધિઓ, વર્તમાન પ્રવૃત્તિઓ તથા ભવિષ્યની વિકાસ યોજનાઓ અંગે શ્રી સિમોન બ્રેનેટને વિગતવાર માહિતી આપી હતી. આ મુલાકાત સ્નેહા ફાઉન્ડેશન માટે પ્રેરણાદાયી અને યાદગાર બની રહી હતી.














ટોય લાઇબ્રેરી સહયોગી
શેઠ બધર્સ (કાયમ ચૂર્ણ) 2024-2025







આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.

80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016
PAN No.: AAPTS4988N

બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

UPI QR CODE

આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:

૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust

નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.

સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા